આજીવિક ધર્મ
પુનઃ ઉત્થારક

ॐकार संप्रदाय
(धार्मिक आध्यात्मिक पथ)

# ૐકાર સંપ્રદાય

## ધાર્મિક – આધ્યાત્મિક પથ

RNI No.: GUJGUJ/2015/65690
વર્ષઃ ૧૧ | અંકઃ ૧૨ | જૂન - ૨૦૨૬
કિંમતઃ ૧૦/-





જગતગુરૂ મંત્રયુગપરિવર્તક ૐકાર મહામંડલેશ્વર 1008
પ. પૂ. સંતશ્રી સદ્ગુરુ ૐઋષિસ્વામી

# જાહેર આમંત્રણ

નિઃશુલ્ક પ્રવેશ



## ગોંડલના આંગણે...

**લક્ષ્મી અને કુબેરના મંત્રોથી સજ્જ**

FREE ENTRY

# મંત્ર થેરાપી દરબાર

### મંત્રથેરાપી દરબારના ફાયદા

- ✯ આકસ્મિક ધનલાભની પ્રાપ્તિ
- ✯ મનોકામના સિદ્ધિ
- ✯ દરેક ક્ષેત્રમાં અકલ્પનીય વિકાસ
- ✯ જીવનમાં ચાલતી સમસ્યાઓનું સમાધાન

આપના જીવનમાં આર્થિક તેમજ દરેક સમસ્યાનું સમાધાન અચૂક થશે.

કોઈપણ ધર્મ-વર્ગ કે વર્ણના વ્યક્તિ મંત્રથેરાપી દરબારમાં લાભ લઈ શકે છે કારણકે આ તમારા ભૌતિક પ્રશ્નોના સમાધાન માટે છે.



### દિવ્ય સિદ્ધ પ્રસાદરૂપી ભેટ

- ✯ કુબેર લક્ષ્મી પેન્ડન્ટ
- ✯ લક્ષ્મી કુબેર યંત્ર
- ✯ કુબેર લક્ષ્મી બ્રેસલેટ
- ✯ પીડામુક્તિ બામ
- ✯ કુબેર લક્ષ્મી મલમ
- ✯ કુબેર લક્ષ્મી કૂંજી
- ✯ કુબેર ધન સ્ટોન

| 21 જૂન, 2026 રવિવાર | શ્રી ભગવતસિંહજી ટાઉન હોલ, માંડવી ચોક પાસે, ગોંડલ | બપોરે 3 થી 5 કલાક સુધી |
|---|---|---|

વહેલા તે પહેલાના ધોરણે આપનું નામ અને નંબર આપેલ મોબાઈલ નંબર ઉપર વોટસઅપ કરવું. સંપર્ક સૂત્ર: 93763 34289

## આયોજક

શ્રી ચિરાગભાઈ અરવિંદભાઈ ખીમાણી
શ્રી પિયુષભાઈ નાનાલાલ છાટબાર
શ્રી કલ્પેશભાઈ નાનાલાલ છાટબાર
શ્રી દિલીપભાઈ નંદલાલભાઈ ખીમાણી
શ્રી જીતેન્દ્રભાઈ અનંતરાય ખીમાણી

શ્રી કિશનભાઈ પ્રફુલચંદ્ર ખીમાણી
શ્રી હર્ષદભાઈ અનંતરાય ખીમાણી
શ્રી રાજેશભાઈ વિનોદરાય ખીમાણી
શ્રી નિમેષભાઈ વિનોદરાય ખીમાણી
શ્રી દિગ્વીજયસિંહ હારીતસિંહ જાડેજા

શ્રી સાગરભાઈ ધનજીભાઈ બોરડ
શ્રી જીજ્ઞેશભાઈ અરૂણભાઈ કારીયા
શ્રી જીજ્ઞેશભાઈ તનસુખભાઈ બગડાઈ
શ્રી અજયભાઈ કાંતિલાલ તન્ના



॥ ૐ નમઃ ॥

ૐકાર संप्रदाय
(धार्मिक आध्यात्मिक पथ)

# ૐકાર સંપ્રદાય

માસિક મેગેઝીન (પત્રિકા)

**સ્થાપક**

ૐકાર સંપ્રદાયના આર્ષદ્દષ્ટા અને સ્થાપક
જગતગુરુ મંત્રયુગપરિવર્તક ૐકાર મહામંડલેશ્વર ૧૦૦૮
પ.પૂ. સંતશ્રી સદ્‌ગુરુ ૐઋષિ સ્વામી

**તંત્રી**
કિંજલભાઈ શાહ

**સહતંત્રી**
મિહિરભાઈ શાહ

**સંપર્કસૂત્ર**

ૐકાર સંપ્રદાય શક્તિપીઠ આશ્રમ
સેવા સમર્પણ ફાઉન્ડેશન
Trust Reg. No.: E/18590/Ahmedabad
Under 80-G Tax Free (5313/09-10)

ૐકાર ફાઉન્ડેશન ટ્રસ્ટ
Trust Reg. No.: E/20646/Ahmedabad

**સદ્‌ગુરુ ૐઋષિ સ્વામી ચેરીટેબલ ટ્રસ્ટ**
(Trust Reg. No. E/23428/Ahmedabad
CSR No: CSR00045126 | 80G: ABDTS5377GF20221)

૦૦૧, ગ્રાઉન્ડ ફ્લોર, આંગી એપાર્ટમેન્ટ,
અન્નપૂર્ણા પાર્ટી પ્લોટ ની સામે,
નવા વિકાસ ગૃહ રોડ, પાલડી,
અમદાવાદ - ૩૮૦૦૦૭.

E-mail ID : omkarsampraday@gmail.com
E-mail ID :info@sadguruomrushi.org
Website : www.sadguruomrushi.org

મોબાઈલ નંબર - ૮૭૫૮૯૯૯૨૯૭,
૯૪૨૯૨૦૮૯૯૭, ૯૩૭૬૩૩૪૨૮૯

**મુદ્રક**

**પ્રિન્ટ વિઝન પ્રા. લી.**
આંબાવાડી બજાર, અમદાવાદ - ૬
ફોન નં - (૦૭૯) ૨૬૪૦૫૨૦૦

જૂન-૨૦૨૬ | પાના નં: ૨૪
વર્ષ: ૧૧ | અંક: ૧૨
કિંમતરૂ.: ૧૦/-

# તંત્રી સ્થાનેથી...



પ્રિય ભક્તજનો,

આપણે ભાગ્યશાળી છીએ કે આપણને પરમ પૂજ્ય ગુરુજી એવા સદ્‌ગુરુ ૐઋષિ સ્વામીનું સાનિધ્ય પ્રાપ્ત થયું છે. તેમનું સમગ્ર જીવન અને વાણી આપણા માટે એક જીવંત માર્ગદર્શન છે. ૐકાર સંપ્રદાય માત્ર એક આધ્યાત્મિક પથ નથી, પરંતુ જીવન જીવવાની એક દિવ્ય કળા છે જે પરમ પૂજ્ય ગુરુજી આપણને ચીંધતા આવ્યા છે. નદી ક્યારેય નકશો લઈને નીકળતી નથી, છતાં તે સમુદ્ર સુધી પહોંચી જાય છે. કારણકે તેને સમુદ્ર તરફ વહેવાનો એક સહજ ઢાળ મળ્યો છે. એવી જ રીતે આપણા જીવનમાં પરમ પૂજ્ય ગુરુજી ઢાળનું કામ કરે છે. એમને સમર્પિત થઈને ચાલવાથી સંસારના તમામ અવરોધો દૂર થઈ પરમાનંદના સાગરમાં આપોઆપ ભળી જવાશે.

અહીં પરમ પૂજ્ય ગુરુજીના ગઝલસંગ્રહમાંથી એક ગઝલ રચના રજૂ કરું છું.

## 'હલ'

**આંગળી મેં ક્યાં કદી ચીંધી અરે ?**
**હારવાની ટેવ મેં પાડી દીધી.**
**ધ્રાસકે ને ધ્રાસકે ખાધા દિવસ,**
**ધ્રુસકે ને ધ્રુસકે રાતો પીધી.**
**સાંભળી ના સાંભળી છોડી દીધી,**
**વાત ક્યાં મેં કોઇ મન પર લીધી ?**
**ભાલમાં દેખાય ના રેખા અરે,**
**હાથની રેખા ય સાદી ને સીધી.**
**પ્રશ્ન તારા તું જ કરજે જાતે હલ,**
**એ જ એની એકદમ પાકી વિધી.**

ૐકાર સંપ્રદાય મેગેઝિનમાં આવતા મંત્રો અને દિવ્ય સાધનાઓ તથા મંત્રથેરાપી દ્વારા તેમજ ૐકારધામ તીર્થમાં દર્શન માત્રથી આપ સૌના જીવનમાં સકારાત્મક પરિવર્તન આવે તેવી પ.પૂ. સદ્‌ગુરુ ૐઋષિના શ્રીચરણોમાં અભ્યર્થના સાથે ૐ નમઃ...

તંત્રી,
કિંજલભાઈ શાહ



“ गुरुर्ब्रह्मा गुरुर्विष्णुः, गुरुर्देवो महेश्वरः ।
गुरुःसाक्षात् परब्रह्म, तस्मै श्रीगुरुवे नमः।। ”

# ગુરૂપૂર્ણિમાના પાવન અવસરથી કરવાની દિવ્ય મંત્રસાધના

ગુરુનું સમગ્ર અસ્તિત્ત્વ એ એના ભક્તોની શ્રદ્ધા અને વિશ્વાસના આધારે આકાર લેતું હોય છે. કોઇપણ યુગમાં આપ જીવી રહ્યા હોય પરંતુ આપના જીવનમાં એક ગુરુ જે તમને આમનેસામને બેસીને તમારો હાથ પકડીને તમને તમારા સંસારની મુશ્કેલીમાંથી તો પાર પાડે જ પરંતુ આત્મકલ્યાણની પ્રાપ્તિ કરાવવા માટે પણ સામર્થ્યવાન હોય એને જ ગુરુ બનાવવા જોઇએ.

ગુરુ જોડે જો તમારો સીધો સંવાદ નથી થતો અને માત્ર ભીડમાં જ તમને ગુરુ સ્ટેજ ઉપરથી જ આશીર્વાદ આપે તો તમારું આત્મિક કલ્યાણ કે પછી સાંસારિક કલ્યાણ પૂર્ણરૂપે થતું નથી, કારણકે ગુરુ-શિષ્ય અને ગુરુ-ભક્ત આ બંન્ને પરંપરા પ્રમાણે ગુરુ શિષ્ય કે ભક્તને સીધા જ મળી શકે એવી વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. જે ધાર્મિક અને આધ્યાત્મિક ગુરુઓ ભીડમાં પણ ભક્તજનો અને શિષ્યોને સંબોધે છે એમની જ્ઞાન લેવાની પ્રક્રિયા એમના ગુરુ સાથેની તમે જોશો તો એ સંતોએ પણ પોતાના ગુરુ પાસે પ્રત્યક્ષ બેસીને જ્ઞાનની ગંગા લીધી હોય છે અને એટલા માટે જ તેઓ ગુરુ તરીકેના પદને શોભાવી શકે છે.

હું દ્રઢપણે એવું માનું છું કે ગુરુ અને ભક્ત વચ્ચે સીધી વાતચીત અને સીધા જ્ઞાનનું આદાનપ્રદાન થવું જોઇએ.

આજે હું આપને ગુરુપૂર્ણિમાના પાવન અવસરથી દિવ્ય મંત્રસાધના આપવા જઇ રહ્યો છું. આ સાધના આપે ૨૭ દિવસ કરવાની છે.

# મંત્રસાધના

સૌપ્રથમ એક બાજઠ લેવો. તેના ઉપર પીળા કલરનું વસ્ત્ર પાથરવું. ત્યારબાદ નીચે આપેલ ૐ શ્રી ગુરુરક્ષા ઊર્જા ચક્ર સ્થાપનમાં મુકવું અને ૐકાર ચાલીસાની પુસ્તિકા સ્થાપનમાં મુકવી. ત્યારબાદ નીચે આપેલ મંત્રની એક માળા કરી ૐકાર ચાલીસાનો પાઠ એકવાર કરવો.

**મંત્ર : || ૐ ગુરુત્ય ગુરુત્ય ૐઋષિ નમો નમઃ ||**

**સાધના કેટલા દિવસ કરવી?** : આ સાધના ૨૭ દિવસ કરવી. વચ્ચે કોઇ કારણસર દિવસ પડે તો ચિંતા ન કરતા કુલ ૨૭ દિવસ ગણીને સાધના કરવી.

**સ્થાપન કરવાનો સમય** : ગુરુપૂર્ણિમાના દિવસે સવારે ૯ થી ૧૧ માં સ્થાપન કરવું.

**સાધના કરવાનો સમય** : આખા દિવસમાં કોઇપણ સમયે કરી શકાય.

**વસ્ત્ર કયા પહેરવા?** : સાધના કરતી વખતે કોઇપણ કલરના વસ્ત્ર પહેરી શકાય.

**વિસર્જન કરવાની રીત** : ૨૭ દિવસની સાધના પૂર્ણ થયા બાદ ૐકાર ચાલીસાની પુસ્તિકાનો ઉપયોગ નિત્ય પાઠ કરવા માટે કરવો અને ૐ શ્રી ગુરુરક્ષા ઊર્જા ચક્રને કબાટમાં કે પૂજાના સ્થાનમાં મુકી દેવું.

## ૐ શ્રી ગુરુરક્ષા ઊર્જા ચક્ર



# રથયાત્રા



## એટલે

## ૐકાર સંપ્રદાયનો સ્થાપના દિવસ

## રથયાત્રાના પાવનદિનની ઊર્જા પ્રાપ્ત કરવા ચમત્કારિક મંત્રસાધના

સદ્‌ગુરુ ૐઋષિએ ૐકાર સંપ્રદાયની સ્થાપના અષાઢસુદ બીજ ૧૭ જુલાઇ, ૧૯૯૬ના રોજ રથયાત્રાના દિવસે કરી હતી અને એટલે જ ૐકાર સંપ્રદાયના ભક્તજનો માટે આ દિવસ ખૂબ જ પવિત્ર ગણવામાં આવે છે.

પૂર્વ ભારતના ઓરિસ્સા રાજ્યમાં પુરી આવેલું છે. જેને પુરૂષોત્તમપુરી, શંખક્ષેત્ર, શ્રીક્ષેત્રનાં નામથી પણ ઓળખવામાં આવે છે. ભગવાન શ્રી જગન્નાથજીની તે મુખ્ય લીલા ભૂમિ તરીકે પ્રચલિત છે. ઘણાં ધર્મોની માન્યતા એવી છે કે રાધા અને શ્રીકૃષ્ણની યુગલ મૂર્તિના પ્રતિક સમાન સ્વયં શ્રી જગન્નાથ ભગવાન છે. ભગવાન શ્રી જગન્નાથ પૂર્ણ ઇશ્વર છે અને ભગવાન શ્રીકૃષ્ણ એમની શક્તિ અને કલાનું એક રૂપ છે.

ભગવાન શ્રી જગન્નાથજીની રથયાત્રા અષાઢ સુદ બીજનાં દિવસે જગન્નાથપુરીમાં શરૂ થાય છે. રથયાત્રાનું આ પર્વ ભારતનાં અલગ અલગ ક્ષેત્રમાં ભગવાન શ્રી જગન્નાથજીનો રથ કાઢીને આખા નગરમાં ફેરવવામાં આવે છે.

પુરીમાં પણ રથયાત્રા દરમ્યાન લાખો ભક્તજનો ભારત અને દુનિયાનાં અલગ અલગ ક્ષેત્રોમાંથી આવીને ભગવાનની આ રથયાત્રાનો લાભ લઇ પોતાને ધન્ય બનાવે છે.

રથયાત્રાના પાવન દિવસે ભગવાન શ્રી જગન્નાથજીની શક્તિ અને આશીર્વાદની પ્રાપ્તિ થાય તે માટે આપને હું એક દિવ્ય સાધના આપી રહ્યો છું. આ સાધના આ વર્ષ દરમિયાન આવતી પીડાઓ તેમજ આર્થિક નિર્બળતાને દૂર કરી આપના મનને શાંતિ આપશે.

## :: દિવ્ય મંત્ર ::

**|| ૐ ભગવાન જગતનાથાય પ્રાગટ્ય ત્રતા નમઃ ||**

આ મંત્ર એક વર્ષમાં ૨૭૦૦૦ વખત કરી સિદ્ધ કરવો.

**ખાસ નોંધ : રથયાત્રાના પવિત્ર દિવસે ૐકાર સંપ્રદાયના દરેક ભક્તોએ ૐકાર ચાલીસાનો પાઠ પાંચ વખત કરવો.**


સદ્‌ગુરુ ૐઋષિ દ્વારા આ ચેનલ ઉપર દરેક પ્રશ્નોના સમાધાન માટે અલગ - અલગ મંત્ર પ્રશ્નોનાં સમાધાન માટે આપેલ છે, માટે આ ચેનલ અચૂક જોવી, સબસ્ક્રાઇબ કરી બેલ આઇકન (ઘંટડી) ઉપર કલીક કરવું.



મંત્રયુગપરિવર્તક ૐકાર મહામંડલેશ્વર ૧૦૦૮
પ.પૂ. સંતશ્રી સદગુરુ ૐઋષિ સ્વામી

**અમારા નવા વિડીયો મેળવવા માટે સબસ્ક્રાઈબ કરો.**

YouTube

સ્ટેપ- ૧ યૂ ટ્યૂબ ચેનલ પર કલીક કરો

સ્ટેપ- ૨ ટાઇપ કરો “SADGURU OMRUSHI”

સ્ટેપ- ૩ “SADGURU OMRUSHI” પર કલીક કરો

સ્ટેપ- ૪ SUBSCRIBE બટન કલીક કરો અને Bell ((🔔)) ની નિશાનીને દબાવો.

સદ્‌ગુરુ ૐઋષિ દ્વારા રચિત રોજનો પવિત્ર શબ્દ નીચે આપેલ ચેનલ ઉપર આપ નિહાળી શકો છો.


|| ૐ નમઃ ||

# આજીવિક ધર્મ પુનઃઉત્થારક
# જગતગુરુ મંત્રયુગપરિવર્તક ૐકાર મહામંડલેશ્વર ૧૦૦૮
# પ. પૂ. સંતશ્રી સદ્‌ગુરુ ૐઋષિ સ્વામી “ૐગુરુ”ની પાવન નિશ્રામાં
# ૐકારધામ તીર્થની બારમી સાલગીરી નિમિત્તે ઉજવાયેલ ધજા મહોત્સવ

**ૐકારધામ તીર્થ, પાનવા ખાતે તારીખઃ૧૫-૫-૨૦૨૬, શુક્રવાર, વૈશાખ વદ-૧૩ ના રોજ ૐકારધામ તીર્થની બારમી સાલગીરી નિમિત્તે ધજા મહોત્સવ તથા ભક્તિસંધ્યાનો કાર્યક્રમ રાખવામાં આવેલ તે દિવ્ય અવસરની સવિશેષ ઝલક...**

































|| ॐ नमः ||













### આજીવિક ધર્મ પુનઃઉત્થારક
### જગતગુરુ મંત્રયુગપરિવર્તક ૐકાર મહામંડલેશ્વર ૧૦૦૮
### પ. પૂ. સંતશ્રી સદ્‌ગુરુ ૐઋષિ સ્વામી "ૐગુરુ"ની પાવન નિશ્રામાં
### આણંદમાં યોજાયેલ

# નિઃશુલ્ક મંત્રથેરાપી દરબાર

આ કાર્યક્રમ આણંદમાં તા.૨૪-૫-૨૦૨૬, રવિવારના રોજ ધીરજલાલ જે. શાહ ટાઉનહોલ ખાતે યોજવામાં આવેલ. ૐગુરુ દ્વારા કરાવવામાં આવતી મંત્રથેરાપી દ્વારા તકલીફો પીડાઓ દૂર થઇ મનુષ્ય પોતાનું જીવન નોર્મલ અવસ્થામાં જીવી શકે એ હેતુથી આ દરબાર યોજવામાં આવેલ. આર્થિક-શારીરિક-માનસિક-સામાજિક આવા અલગ-અલગ પ્રશ્નોના સમાધાન મંત્રથેરાપીથી દૂર થાય એ માટે પરમ પૂજ્ય ગુરુજીના સાનિધ્યમાં ભક્તોએ ખૂબ જ શ્રદ્ધાપૂર્વક લાભ લીધેલ. ૐગુરુના મંત્ર-મંત્રશક્તિપાત-સિદ્ધ વસ્તુઓ-ચાલીસાના સમન્વય સાથે પ્રશ્નોનું સમાધાન આપી ૐગુરુએ લોકકલ્યાણનું અનોખું અને નોંધપાત્ર કાર્ય કર્યું જેનો હોલમાં હાજર દરેક લોકોએ ૐગુરુનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરેલ અને ધન્યતાનો અનુભવ કરી એમના દિવ્ય આશીર્વાદનો લાભ લીધેલ.









મંત્ર દર્શન ચમત્કાર








# ખૂબ મહેનત કરવા છતાં પણ ફળ મળતું નથી?
## તો ફળ પ્રાપ્તિ માટેની ચમત્કારિક મંત્રગુરુચાવી -ૐગુરુ

"કર્મ કરો પણ ફળની આશા ન રાખો" ભગવદ ગીતામાં લખેલ આ વાતને દરેક સમજે છે પણ આજના આધુનિક વિષચક્રમાં ફળ વગર કામ કર્યા કરવું એ કોઇપણ વ્યક્તિ માટે શક્ય હોતું નથી. દરેક વ્યક્તિને પોતાની મહેનત સામે પૂરેપૂરુ વળતર મેળવવાની ઇચ્છા હોય છે અને એ ઇચ્છા દરેક વ્યક્તિએ રાખવી જ જોઇએ એવું હું પણ માનું જ છું. ઘણીવાર વેપારીઓને એમના ધંધામાં મહેનત કર્યા પછી પણ નફો ઓછો મળતો હોય, ભણતા વિદ્યાર્થીઓ મહેનત કરવા છતાં પણ સારા માર્કસ ન લાવી શકતા હોય, વ્યવસાયક્ષેત્ર સાથે સંકળાયેલી વ્યક્તિઓ પોતાની આવડત અને હોંશિયારી છતાં પણ આર્થિક વળતર અને માન-સન્માન ન મળતું હોય, ગૃહિણીઓ પણ ઘરમાં કુટુંબને સાચવવા અને કુટુંબની દેખરેખ રાખવા છતાં પણ એમને જશ ના મળતો હોય, સમાજમાં સામાજિક કાર્ય સાથે જોડાયેલો માણસોને ગમે તેટલી મહેનત સારી કરવા છતાં પણ એમનો સામાજિક દરજ્જો અને મોભો ના વધતો હોય આવા બધા વ્યક્તિઓ માટે હું આ લેખ લખી રહ્યો છું.

**હું મારી કવિતાની ચાર પંક્તિઓ લખી રહ્યો છું,**

**" છે આવડત તો જીતી બતાડો,**
**ફળ મહેનતનું લઇ બતાવો**
**જંગ ભલે હોય જીંદગી,**
**હાર્યા વગર લડી બતાવો "**

2009, નવેમ્બર મહિનામાં બનેલી સત્ય ઘટના અહીં રજુ કરું છું. આ લેખોની શ્રૃંખલામાં હું જે ઘટનાઓ લખી રહ્યો છું એ બધી સત્ય ઘટનાઓ છે. એકવાર એક મલ્ટીનેશનલ દવા બનાવતી કંપનીનાં આસીસ્ટન્ટ મેનેજર મારી પાસે આવ્યા. એમણે મને કહ્યું કે ગુરૂજી હું છેલ્લા 20 વર્ષથી દવા બનાવતી કંપનીઓમાં કામ કરી રહ્યો છું. અત્યારે પણ હું દવા બનાવતી એક કંપની સાથે જોડાયેલો છું. છેલ્લા 20 વર્ષથી કંપનીઓનાં ટાર્ગેટ હું સર કરીને આપતો રહ્યો છું છતાં પણ મને જોઇએ એટલું આર્થિક વળતર મળતું નથી તેમજ કંપનીમાં જે માન સન્માન મળવું જોઇએ એ પણ મળતું નથી. આવક વધે અને પ્રગતિ થાય એ માટે છેલ્લા 20 વર્ષમાં મેં મારી પાંચ નોકરી બદલી છે. આજે મારી ઉંમર 46 વર્ષની થઇ છે અને મારી મહેનતનું મને જે પૂર્ણ ફળ મળવું જોઇએ એ મળતું નથી. આપની નામના સાંભળી હું આપની પાસે આવ્યો છું. આપ મને મહેનતનું ફળ મળે એવી દિશા બતાવવાની કૃપા કરશો.

એ સજ્જનની વાત સાંભળી મેં એમને કહ્યું કે આપના મુખમુદ્રા અને ઓરાની પરિસ્થિતિ પરથી એવું ચોક્કસ દેખાય જ છે કે આપને આર્થિક સફળતા પુરેપુરી મળતી નથી પણ તમારી એક ખામી તમને કહી દઉં પહેલા. તમે 20 વર્ષમાં ઉતાવળ કરીને



॥ ૐ નમઃ ॥

પાંચ જોબ બદલી ચૂક્યા છો જે યોગ્ય નથી. હા, સારી તક મળતી હોય તો લેવી જોઇએ પરંતુ તમારા કહેવા પ્રમાણે જ્યારે જ્યારે તમે નોકરી બદલી છે ત્યારે તમારી આર્થિક આવકમાં કોઇ મોટો વધારો થયો નથી છતાં પણ તમે તમારી ઉતાવળના કારણે અને બીજી કંપની તમને આર્થિક રીતે પ્રોત્સાહીત કરીને આગળ વધારશે એવું માનીને તમે નોકરી બદલતા ગયા છો. મારું કહેવું એવું છે કે અત્યારે તમે જે નોકરી સાથે જોડાયેલા છો એ નોકરી સાથે કાર્યરત રહો. તમે જે મહેનત કરી રહ્યા છો તેનું તમને પુરેપૂરું આર્થિક વળતર મળે એ માટે હું તમને એક ચમત્કારિક મંત્ર અને ૐકાર ચાલીસા આપુ છું પણ આ મંત્ર અને ૐકાર ચાલીસા સતત છ મહિના કર્યા પછી એનો ફાયદો દેખાશે. માટે ધીરજ રાખી અને મંત્ર કરશો.

નવ મહિના પછી એ સજ્જન મારી પાસે ફરી આવ્યા. તેમણે મને કહ્યું કે ગુરૂજી આપે આપેલા મંત્રથી મારા જીવનમાં ઘણો જ ફાયદો થઇ ગયો. છેલ્લા ત્રણ મહિના પહેલા જ જમીનનો એક નાનકડો ટુકડો જે મેં 15 વર્ષ પહેલા લીધો હતો જેમાં લીગલ પ્રોબ્લેમ હતો અને જેને હું લગભગ ભૂલી જ ગયો હતો અને મેં માની લીધું હતું કે આ જમીનમાં કશું મળવાનું નથી. અચાનક એ પ્રોબ્લેમ દૂર થઇ જવાથી મારો એ જમીનનો ટુકડો સારા ભાવે વેચાઇ ગયો. અને જેના માટે હું આપને મળ્યો હતો એ નોકરીમાં મને પ્રમોશન મળ્યું તેમજ પગારમાં પણ સારો વધારો મળ્યો અને મેનેજર બનાવી મને અમદાવાદ થી પૂના મોકલવામાં આવ્યો. તેમજ મારા કામની કદર કરવામાં આવી અને આ વર્ષ દરમિયાન કંપની માટે કામ કરવા બદલ શ્રેષ્ઠ કાર્યરત કર્મચારીનો એવોર્ડ પણ મળ્યો. આપે આપેલો મંત્ર હું નિયમિત કરતો રહીશ. આપના આશીર્વાદ મારા પર સદાય રાખજો. આ સજ્જનને મંત્રસાગરમાંથી મોતીરૂપ આપેલ મંત્ર હું આપને પણ આપુ છું.

**મંત્રઃ**

**।।ૐ સાદિકા સાદિકા કાર્યેષુ ત્રુવાન્ગ નમો નમઃ ।।**

આ મંત્ર રોજ 27 વખત કરવો અને મંત્ર ગણ્યા બાદ ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ એકવાર કરવો.

## ચારધામ યાત્રા નિર્વિઘ્ને પુરી થઇ

મારું નામ રાજુભાઇ રબારી છે. હું પરમ પૂજ્ય ગુરુજી દ્વારા અપાતા દરેક મંત્ર, ચાલીસાઓ, સાધનાઓ નિયમિત કરું છું. મને પરમ પૂજ્ય ગુરુજી પર પૂર્ણ શ્રદ્ધા અને આસ્થા છે. હું ઘણાં વર્ષોથી એમને નિયમિત મળું છું. મેં મારા જીવનમાં ગુરુજીએ કરેલા ઘણાં ચમત્કારો અનુભવ્યા છે.

હું મે મહિનામાં પરમ પૂજ્ય ગુરુજીના આશીર્વાદથી ચારધામની યાત્રાએ ગયો હતો. અમે યમનોત્રીમાં ઉતરીને દર્શન કરવા ગયા. ત્યાં એક ભાઇએ આવીને પૂછ્યું કે "શું કામ છે?" મેં જવાબમાં કહ્યું કે "મારે દર્શન કરવા છે. રજીસ્ટ્રેશન કરાવેલ નથી પછી એ ભાઇએ કહ્યું કે "તમે મારી સાથે ચાલો. દર્શન થઇ જશે."

એ ભાઇ અમને દર્શન કરાવીને પાંચ મિનિટમાં તો ક્યાંય અલોપ થઇ ગયા. મને એવો અનુભવ થયો કે ચોક્કસ આ ગુરુજી જ સાક્ષાત હતા. અમારી ચારધામ યાત્રા આનંદપૂર્વક નિર્વિઘ્ને પુરી થઇ ગઇ. પરમ પૂજ્ય ગુરુજીના ચરણોમાં કોટી કોટી વંદન...

લી. રાજુભાઇ રબારી (ઘોડાસર, અમદાવાદ)

## એન્જોપ્લાસ્ટમાંથી બચાવ થયો

હું રાજકોટમાં રહું છું અને ઘણો મોટો બીઝનેસ ધરાવું છું. થોડા સમય પહેલા મને અચાનક હાર્ટમાં દુઃખાવો ઉપડ્યો. રાજકોટમાં હાર્ટના ડૉક્ટરને બતાવ્યું તો એમણે એન્જોગ્રાફી કરી અને એક સ્ટેન્ડ એન્જોપ્લાસ્ટ કર્યું. ત્યારબાદ એમણે સલાહ આપી કે તમારો કેસ ખૂબ જ કઠિન છે, બાયપાસ કરવી પડશે.

મારી દીકરીએ ગુરુજીને ફોન કર્યો અને કહ્યું કે બાયપાસમાંથી મારા પિતા બચી જાય. એ વખતે એવા સંજોગો દેખાતા હતા કે હાર્ટની બાયપાસ સર્જરી કરવી જ પડશે. પરંતુ અમે અમદાવાદની સૌથી મોટી હોસ્પિટલમાં દાખલ થયા. અમદાવાદના ડૉક્ટરે એન્જોગ્રાફી કર્યા બાદ બાકીની હાર્ટની નળીઓમાં કેલ્સિયમ છે, કેલ્સિયમ સાફ કર્યું અને એન્જોપ્લાસ્ટી કરવાની જરૂર નથી. ગુરુજીએ તો એવું પણ કહ્યું હતું કે રાજકોટમાં એન્જોપ્લાસ્ટી થઇ એની પણ જરૂર હતી નહિ. પરમ પૂજ્ય ગુરુજીની દિવ્ય કૃપા અને ચમત્કારથી મારું જીવન બચી ગયું. હું પોતે ગુરુજીને પહેલીવાર ૧૭ મે, ૨૦૨૬ના રોજ મળ્યો. મને મારા મનમાં એવું થયું કે મંત્ર ખરેખર ચમત્કારિક દવાની જેમ કામ કરે છે.

લી. જયેશભાઇ(રાજકોટ)

## ક્ષેત્રપાળવીરદાદાના આશીર્વાદથી ચમત્કાર થયો

હું છેલ્લા એક વર્ષથી ક્ષેત્રપાળવીરના દર્શન માટે ૐકારધામ તીર્થ, પાનવા જતો હતો. મેં પહેલી જ વખતે શ્રી ક્ષેત્રપાળવીરના દર્શન કર્યા ત્યારથી જ મારા આર્થિક પ્રશ્નોમાં સુધારો આવવા લાગ્યો હતો. આ સિવાય ફેક્ટરીમાં નાના-મોટા પ્રોબ્લેમ થતા હતા એમાં પણ ત્રીજી વખતના દર્શનથી સુધારો થઇ ગયો. આર્થિક પ્રોબ્લેમના કારણે મારું લગ્નજીવન પણ તકલીફોથી ઘેરાયેલું હતું. શ્રી ક્ષેત્રપાળવીરના દર્શન સાતમી વખત કર્યા બાદ લગ્નજીવનમાં પણ સુધારો થયો.

મારા જીવનમાં ચારેતરફ સારા સમાચાર આવી રહ્યા હતા. હું નવમી વખત દર્શન કરવા જતો હતો ત્યારે રસ્તામાં મારા કાકાએ મને ફોન કરીને જણાવ્યું કે દાદાના નામે સો એકર જમીન છે જેનો કબજો ખેડૂતોએ કરેલો છે અને એ લોકો સામેથી રૂપિયા આપીને દસ્તાવેજ કરાવવા તૈયાર છે. હું અને મારા કાકા બંન્ને ભાગીદાર હોવાના કારણે એ જમીનમાંથી ખાસી મોટી રકમ અમને મળી. શ્રી ક્ષેત્રપાળવીરદાદાનો ચમત્કારનો અલૌકિક લ્હાવો મને મળ્યો. મારા માટે તો આ ઘટનાઓ ના ભૂતો, ના ભવિષ્યતિ જેવી છે. શ્રી ક્ષેત્રપાળવીર દાદાના ચરણોમાં કોટિ કોટિ વંદન...

લી. મનિષભાઇ (સુરત)

## સૂર્ય-ચંદ્ર મહાદર્શનથી કાર્ય સિદ્ધ થયું

સૂર્ય-ચંદ્ર મહાદર્શન માટે હું એક જ વખત અન્નપૂર્ણા હોલમાં ગયેલ. પરમ પૂજ્ય ગુરુજીના આશીર્વાદ લીધા અને મનોમન સંકલ્પ કર્યો કે શેરબજારમાં મારી જે નુકસાની થઇ છે એ નુકસાની ભરપાઇ થઇ જાય. એ પછીના પંદર દિવસમાં શેરબજારમાંથી મારી નુકસાની નફામાં બદલાઇ ગઇ અને પહેલા જે શેરબજારમાં સાવ રૂપિયા જતા હતા એના બદલે નફો મને મળવા લાગ્યો. પરમ પૂજ્ય ગુરુજીના ચરણોમાં કોટી કોટી વંદન...

લી. રાજેશભાઇ (અમદાવાદ)




# બોર્ડની પરીક્ષામાં ઉત્તમ પરિણામ મળ્યું

જ્યારે હું 12મા ધોરણમાં આવ્યો ત્યારે હું એવો વિદ્યાર્થી નહોતો કે જે રોજ કલાકો સુધી પુસ્તકો સામે બેસીને સતત અભ્યાસ કરતો હોય. સાચું કહું તો મને જીવનને થોડું હળવાશથી જીવવું ગમતું હતું, મજા કરવી અને દરેક ક્ષણને એન્જોય કરવી. ઘણી વખત એવું બનતું કે પરીક્ષાઓ નજીક આવતી અને મારા મનમાં ડર, ગભરાટ અને તણાવ વધી જતો. અંદરથી લાગતું કે શું હું ખરેખર સારું પરિણામ મેળવી શકીશ? શું હું મારા સપનાઓ સુધી પહોંચી શકીશ?

એવી દરેક પરિસ્થિતિમાં ગુરુજીના શબ્દો મારા માટે એક નવી શક્તિ બનીને આવ્યા. જ્યારે પણ હું તણાવમાં હોંઉ અથવા આત્મવિશ્વાસ ગુમાવતો હોંઉ ત્યારે ગુરુજી ખૂબ શાંતિથી કહેતા – "મારા પૂરા આશીર્વાદ છે." આ એક વાક્ય માત્ર આશ્વાસન નહોતું, પરંતુ મારા માટે પ્રેરણા, હિંમત અને વિશ્વાસનો આધાર બની ગયું. ગુરુજીનો મારા પરનો વિશ્વાસ જોઈને મને લાગતું કે જો તેઓ મારા માટે એટલો વિશ્વાસ રાખે છે, તો મને પણ મારી જાત પર વિશ્વાસ રાખવો જોઈએ.

ધીમે ધીમે મેં સમજ્યું કે સફળતા માત્ર દિવસ-રાત અભ્યાસ કરવામાં નથી, પરંતુ સકારાત્મક વિચારસરણી, આત્મવિશ્વાસ અને સતત પ્રયત્નોમાં પણ છે. ગુરુજીએ મને માત્ર ભણવામાં નહીં, પરંતુ જીવનને શાંતિથી અને વિશ્વાસથી જીવવાનું શીખવ્યું. જ્યારે પણ હું થાકેલો કે નિરાશ લાગતો, ત્યારે ગુરુજીની વાતો અને આશીર્વાદ મને ફરી ઊભો કરી દેતા.

આજે જ્યારે હું પાછળ વળી ને જોંઉ છું ત્યારે ખૂબ આનંદ થાય છે કે મેં CBSE બોર્ડમાં 85% મેળવ્યા અને સાથે સાથે IIM Udaipurમાં BBA માટે પ્રવેશ મેળવ્યો. આ સિદ્ધિ મારા માટે માત્ર એક પરિણામ નથી, પરંતુ ગુરુજીના આશીર્વાદ, માર્ગદર્શન અને પ્રેરણાનું પ્રતિબિંબ છે. મને હંમેશા એવું લાગ્યું છે કે ગુરુજીની સકારાત્મક ઊર્જાએ મારા દરેક ડર અને અશાંતિને આત્મવિશ્વાસમાં ફેરવી દીધા.

હું દિલથી માનું છું કે જીવનમાં સાચું માર્ગદર્શન અને આશીર્વાદ મળે તો માણસ પોતાની ક્ષમતાથી પણ વધારે આગળ વધી શકે છે. ગુરુજીએ મને માત્ર સફળતા તરફ દોરી નથી, પરંતુ જીવનમાં વિશ્વાસ, શાંતિ અને પ્રેરણાની સાચી કિંમત પણ સમજાવી છે. આજે જે કંઈ પ્રાપ્ત કર્યું છે, તેમાં મારા પ્રયત્નો સાથે ગુરુજીના આશીર્વાદનો સૌથી મોટો ફાળો છે, અને તેના માટે હું હંમેશા તેમનો આભારી રહીશ.

લી. દ્વીપ હર્ષદભાઇ ખીમાણી (રાજકોટ)

## ગુરુજીના આશીર્વાદથી હરવખતની જેમ Best Result આવ્યું




મારા જીવનમાં મારા સપનાઓને વારંવાર ચમત્કારિક રીતે ગુરુજીએ હંમેશા પૂરા કર્યા છે. ગુરુજી નાનપણથી જ મારા પથદર્શક અને ભણતરમાં મારો આત્મવિશ્વાસ, મહેનતને બરકરાર રાખી છે, આવતી તકલીફો વગર ટેન્શને પાર પાડી છે, મૂંઝવણમાં મારો હંમેશા સહારો બન્યા છે. હું એમને જ્યારે પણ પરીક્ષા વખતે ફોન કરું ત્યારે એ મને કહે કે “ચમત્કારરરર થશે તારી જોડે...” અને આ સાંભળીને હું ખુશ થઇ જતો અને મારો confidence ડબલ થઇ જતો.

હમણાંની વાત કરું તો ગુરુજીના આશીર્વાદથી જ મારે 12th CBSE Science બોર્ડની પરીક્ષામાં ૯૦ટકા આવ્યા. સાચું કહું તો બોર્ડની પરીક્ષા માટે હું કોઇ જ તૈયારી કરતો ન હતો કારણકે JEE Advancedમાં perform કરવા માટે એમાં જ મહેનત કરતો હતો અને સમય પણ મળતો ન હતો. બોર્ડની પરીક્ષા તો મેં આગલા દિવસે ભણીને જ આપી હતી અને ગુરુજીના શબ્દો “ચમત્કારરરર થશે તારી જોડે...” અને વગર પ્રેસરે બોર્ડની પરીક્ષામાં પણ સારા ટકા આવ્યા.

ગુરુજીને મારી ખરા હૃદયથી પ્રાર્થના અને નિત્ય વંદન.

લી. રુદ્ર ખત્રી (અમદાવાદ)

## ઉચ્ચ પરિણામ મેળવવામાં ગુરુજીનો અમૂલ્ય ફાળો




ગુરુજી આપના આશીર્વાદ, ૐકાર ચાલીસા, મંત્ર અને માર્ગદર્શનથી મને CBSE 12th Commerceમાં 95% મેળવીને ઉચ્ચ સફળતા પ્રાપ્ત થઇ છે. આપની પ્રેરણા અને સકારાત્મક શક્તિએ મને સતત મહેનત કરવા માટે પ્રોત્સાહિત કર્યું છે. મારા જીવનની આ મહત્વપૂર્ણ સફળતામાં આપનો અમૂલ્ય ફાળો છે. દિલથી આપનો ખૂબ ખૂબ આભાર. ભગવાન આપને હંમેશા સ્વસ્થતા, આનંદ અને દીર્ઘ આયુષ્ય આપે તેવી પ્રાર્થના.

આગામી જીવનમાં પણ આપના આશીર્વાદ, માર્ગદર્શન અને સકારાત્મક પ્રેરણા હંમેશા મારી સાથે રહે તેવી પ્રાર્થના. ભવિષ્યમાં વધુ મહેનત, સારા સંસ્કાર અને સફળતા મેળવવા આપની કૃપા અને આશીર્વાદ સતત મળતા રહે એ જ મારી હૃદયપૂર્વક કામના છે.

લી. જાન્હવી શાહ (અમદાવાદ)

## ગુરુજીના આશીર્વાદથી બોર્ડની પરીક્ષામાં મળી અણધારી સફળતા




હું ગુરુજીના મંત્ર, મંત્રશક્તિપાત અને ૐ કાર ચાલીસા નિયમિત કરું છું. હું જ્યારે બોર્ડની પરીક્ષા આપવા જતી ત્યારે ગુરુજીએ આપેલ ફોકસ યંત્ર પર ધ્યાન કરીને જતી અને મંત્રશક્તિપાત સાંભળીને જતી. એમના આશીર્વાદથી આજે મારે ગુજરાત બોર્ડની દસમા ધોરણની પરીક્ષામાં 77% આવ્યા છે.

ગુરુજીની હરહંમેશ મળતી સકારાત્મક ઊર્જા, પ્રેરણા અને માર્ગદર્શન તેમજ સાથે-સાથે મારી મહેનતથી આજે મને ધાર્યા કરતા પણ વધારે સારું પરિણામ પ્રાપ્ત થયું છે. આપણી મહેનતની સાથે જો સદ્‌ગુરુ ૐઋષિના આશીર્વાદ મળી જાય તો જીવનના પ્રશ્નો સરળ થઇ જાય છે. ગુરુજીનો હૃદયપૂર્વક આભાર અને કોટી કોટી વંદન.

લી. વિશાખા માધડ

## મંત્રથી મળી એકાગ્રતા, મહેનતથી મળી સફળતા!




ગુરુજીએ આપેલા મંત્ર અને ૐકાર ચાલીસા હું નિયમિત કરું છું. તેનાથી મારો આત્મવિશ્વાસ વધ્યો અને એકાગ્રતા જળવાઈ રહી, પરીક્ષાના તણાવથી દૂર રહ્યો અને વાંચેલું યાદ રાખવામાં અદભૂત મદદ મળી.

મારી સખત મહેનતની સાથે સાથે ગુરુજીના આશીર્વાદથી જ ગુજરાત બોર્ડ 12th કોમર્સની પરીક્ષામાં 86% આવ્યા છે. રીઝલ્ટ જોઇને મારી આંખોમાં ખુશીના આંસુ આવી ગયેલ. આ માત્ર એક આંકડો નથી, પણ મારી સખત મહેનત અને ગુરુજીના અવિરત આશીર્વાદનું પ્રત્યક્ષ પ્રમાણ છે. હું દ્રઢપણે માનું છું કે આપણો પુરુષાર્થ ત્યારે જ સાર્થક થાય છે જ્યારે તેના પર સદ્‌ગુરુની કૃપા દ્રષ્ટિ હોય. આ ગૌરવપૂર્ણ સફળતા બદલ હું ગુરુજીના ચરણોમાં પ્રણામ કરું છું.

લી. હેનીલ ધીરેન રાજગોર

# પ્રોફેશનલ વ્યક્તિઓ માટે, છૂટક વસ્તુના વેપારી માટે, ઉત્પાદક માટે, જથ્થાબંધ માલના વેપારી માટે, નોકરિયાત માટે અને વિદ્યાર્થી માટે

## પ્રોફેશનલ વ્યક્તિઓ માટે :

આ મહિના દરમિયાન લાલ કલરના વસ્ત્રમાં ચોખાના ચાર દાણા અને ચપટી મીઠુ મુકી તેની પોટલી બનાવી જ્યારે કામ માટે કે ઓફિસ જાઓ ત્યારે ખિસ્સામાં રાખીને જવું અને એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરીને જવું. આ પ્રક્રિયાથી આપના કાર્યમાં વિઘ્ન આવશે નહિ અને કાર્ય સફળ થશે.

## છૂટક વસ્તુના વેપારી માટે :

રીટેલરનો ધંધો કરતા વ્યક્તિઓએ આ મહિને લીલા કલરના વસ્ત્રમાં ઘઉંના ચાર દાણા અને ચપટી મીઠુ મુકી તેની પોટલી બનાવી દુકાનના કેશ કાઉન્ટરમાં મુકી રાખવું અને રોજ એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો. જેનાથી આપના ધંધામાં ચમત્કારિક ફાયદો થશે.

## ઉત્પાદક માટે :

ઉત્પાદનના કાર્ય સાથે સંકળાયેલ વ્યક્તિઓએ આ મહિને સફેદ કલરના વસ્ત્રમાં મગના ચાર દાણા અને ચપટી મીઠુ મુકી તેની પોટલી બનાવી કેશ કાઉન્ટરમાં મુકી દેવી અને રોજ એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો. આ પોટલી બદલવાની નથી. આખો મહિનો એ જ જગ્યાએ રાખવાની છે. જેનાથી આપના ઉત્પાદનનાં કાર્યમાં સફળતા મળશે અને ધંધામાં ચમત્કારિક પ્રગતિ થશે.

## જથ્થાબંધ માલના વેપારી માટે :

હોલસેલના ધંધા સાથે સંકળાયેલા વ્યક્તિઓએ આ મહિના દરમ્યાન વાદળી કલરના વસ્ત્રમાં વાલના ચાર દાણા અને ચપટી મીઠુ મુકી તેની પોટલી બનાવી દુકાનના કેશ કાઉન્ટરમાં અથવા તો પોતાના ખિસ્સામાં રાખવી અને રોજ એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો. આમ આ પ્રક્રિયા નિયમિત કરવાથી આપના હોલસેલનાં ધંધામાં વધારો થશે.

## નોકરિયાત માટે :

નોકરી કરતા વ્યક્તિઓએ ગુલાબી કલરના વસ્ત્રમાં ચપટી સફેદ તલ અને ચપટી મીઠુ મુકી તેની પોટલી બનાવી જ્યારે નોકરીએ જાઓ ત્યારે એ પોતાની ઓફિસ બેગમાં અથવા ઓફિસના ખાનામાં રાખવું અને રોજ એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો. મહિના સુધી આ જ પોટલી રાખવાની છે, રોજ નવી બનાવવાની નથી. આ પ્રક્રિયાથી નોકરીમાં આપના ઇચ્છિત કાર્યની સિદ્ધિ થશે.

## વિદ્યાર્થી માટે :

વિદ્યાર્થીઓએ સફેદ કલરના વસ્ત્રમાં ચોખાના ચાર દાણા અને ચપટી મીઠુ મુકી તેની પોટલી બનાવી પોતાના ભણવાની બેગમાં અથવા તો દફ્તરમાં આ મહિના દરમ્યાન રાખી મુકવી અને રોજ એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો. જેનાથી આપનું ભણવામાં ધ્યાન કેન્દ્રિત થશે અને સફળતાની પ્રાપ્તિ થશે.

ઉપર આપેલ પ્રક્રિયા દરેક જણે ૩૦ દિવસ સુધી નિયમિત કરવી. ૩૦ દિવસ પછી નવા અંકમાં નવી પ્રક્રિયા આપવામાં આવશે. પછી એ નવી પ્રક્રિયા ચાલુ કરવી અને જૂની પ્રક્રિયા બંધ કરી દેવી. આ રીતે બાર મહિના સુધી અલગ-અલગ પ્રક્રિયા કરવાથી આપના કાર્યને વધુ ઝડપ મળશે તથા નામના, માન, કીર્તિ અને પ્રતિષ્ઠામાં વધારો થશે.

**✦ ખાસ નોંધ ✦**

જે પ્રક્રિયાથી આપને સફળતા મળે એ પ્રક્રિયા કાયમ ચાલુ રાખી શકાય અને જોડે નવી પ્રક્રિયા પણ કરી શકાય.

॥ ૐ નમઃ ॥

# સદ્ગુરુ ૐઋષિ રચિત પવિત્ર શબ્દોથી
# આ મહિનાના રોજેરોજના કાર્યમાં સફળતાની ગુરૂચાવી

| તારીખ | વાર | પવિત્ર શબ્દ | તારીખ | વાર | પવિત્ર શબ્દ |
|---|---|---|---|---|---|
| ૨૧-૬-૨૦૨૬ | રવિવાર | ૐ સૂર્યવિદન્ત્યદેવ | ૦૬-૭-૨૦૨૬ | સોમવાર | ૐ ગુરૂદેવાય |
| ૨૨-૬-૨૦૨૬ | સોમવાર | ૐ શ્રી ક્ષેત્રપાળવીર | ૦૭-૭-૨૦૨૬ | મંગળવાર | ૐ ધનલક્ષ્મીદેવી |
| ૨૩-૬-૨૦૨૬ | મંગળવાર | ૐ શ્રી કમલાદેવી | ૦૮-૭-૨૦૨૬ | બુધવાર | ૐ બગલામુખીદેવી |
| ૨૪-૬-૨૦૨૬ | બુધવાર | ૐ કાર્યલક્ષ્મીદેવી | ૦૯-૭-૨૦૨૬ | ગુરુવાર | ૐ બજરંગી |
| ૨૫-૬-૨૦૨૬ | ગુરુવાર | ૐ ગજકાંત | ૧૦-૭-૨૦૨૬ | શુક્રવાર | ૐ દુર્ગેશ્વરીદેવી |
| ૨૬-૬-૨૦૨૬ | શુક્રવાર | ૐ નીલકાંત | ૧૧-૭-૨૦૨૬ | શનિવાર | ૐ માતંગીદેવી |
| ૨૭-૬-૨૦૨૬ | શનિવાર | ૐ કુબેરદેવ | ૧૨-૭-૨૦૨૬ | રવિવાર | ૐ ઓમેશ્વરદેવ |
| ૨૮-૬-૨૦૨૬ | રવિવાર | ૐ રાહુદેવાય | ૧૩-૭-૨૦૨૬ | સોમવાર | ૐ સિદ્ધલક્ષ્મીદેવી |
| ૨૯-૬-૨૦૨૬ | સોમવાર | ૐ કેતુદેવાય | ૧૪-૭-૨૦૨૬ | મંગળવાર | ૐ ત્રિપુરાસુંદરીદેવી |
| ૩૦-૬-૨૦૨૬ | મંગળવાર | ૐ સૂર્યદેવાય | ૧૫-૭-૨૦૨૬ | બુધવાર | ૐ ષોડશીદેવી |
| ૦૧-૭-૨૦૨૬ | બુધવાર | ૐ ચંદ્રદેવાય | ૧૬-૭-૨૦૨૬ | ગુરુવાર | ૐ તારાદેવી |
| ૦૨-૭-૨૦૨૬ | ગુરુવાર | ૐ શનિદેવાય | ૧૭-૭-૨૦૨૬ | શુક્રવાર | ૐ ભુવનેશ્વરીદેવી |
| ૦૩-૭-૨૦૨૬ | શુક્રવાર | ૐ મંગલદેવાય | ૧૮-૭-૨૦૨૬ | શનિવાર | ૐ ચક્રેશ્વરીદેવી |
| ૦૪-૭-૨૦૨૬ | શનિવાર | ૐ શુક્રદેવાય | ૧૯-૭-૨૦૨૬ | રવિવાર | ૐ ઈન્દ્રદેવાય |
| ૦૫-૭-૨૦૨૬ | રવિવાર | ૐ બુધદેવાય | ૨૦-૭-૨૦૨૬ | સોમવાર | ૐ રામમ |

# જાહેર આમંત્રણ

## “દર્શન માત્ર સે મિટે કષ્ટ”

ૐકાર સંપ્રદાયના આર્ષદ્રષ્ટા અને સ્થાપક

જગતગુરુ મંત્રયુગપરિવર્તક ૐકાર મહામંડલેશ્વર ૧૦૦૮

**પ.પૂ. સંતશ્રી સદ્ગુરુ ૐઋષિ સ્વામીના**

## ગુરૂપૂર્ણિમા ના પાવન દિવસે

ૐકારની દિવ્યકૃપા અને મંત્રથી તેજોમય

# મહાદર્શન



**જગતગુરુ મંત્રયુગપરિવર્તક ૐકાર મહામંડલેશ્વર ૧૦૦૮**

**પ. પૂ. સંતશ્રી સદ્ગુરુ ૐઋષિ સ્વામી**

### શુભ તારીખ

૨૯ જુલાઈ, ૨૦૨૬

બુધવાર

### શુભ સમય

સાંજે ૫ થી ૮ કલાક સુધી

### શુભ સ્થળ

**અન્નપૂર્ણા હોલ,**

આંગીફ્લેટની સામે, ન્યુ વિકાસ ગૃહ રોડ, પાલડી, અમદાવાદ

**M: 9537220959**

॥ ૐ નમઃ ॥

# જાહેર આમંત્રણ

"દર્શન માત્ર સે મિટે કષ્ટ"

ૐકાર સંપ્રદાયના આર્ષદૃષ્ટા અને સ્થાપક

જગતગુરુ મંત્રયુગપરિવર્તક ૐકાર મહામંડલેશ્વર ૧૦૦૮

પ.પૂ. સંતશ્રી સદ્‌ગુરુ ૐઋષિ સ્વામીના

## સૂર્યની ઊર્જા અને ચંદ્રની શક્તિ સાથેના સમન્વયમાં

# સૂર્ય-ચંદ્ર પૂનમ મહાદર્શન

આજીવિક
**ધર્મ**
પુનઃ ઉત્થારક



ૐकार संप्रदाय
(धार्मिक आध्यात्मिक पथ)

**શુભ તારીખ**
૨૮ જૂન, ૨૦૨૬
રવિવાર

**શુભ સ્થળ**
**અન્નપૂર્ણા હોલ,**
આંગી ફ્લેટની સામે, ન્યુ વિકાસ ગૃહ રોડ, પાલડી, અમદાવાદ

**શુભ સમય**
સવારે 10 થી
બપોરે 1 કલાક સુધી

**સંપર્ક સૂત્રઃ 9429208997**


E-mail ID : omkarsampraday@gmail.com
E-mail ID :info@sadguruomrushi.org
Website : www.sadguruomrushi.org



**RNI GUJGUJ/2015/65690**

Registered under Postal Registration No. AHD-C/64/2020-2022 valid up to 31st December-2022 issued by the SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 10th of every month' Date of Publication : 7th every month

Printed & Published by **KINJAL ASHOKKUMAR SHAH** on behalf of **'SEVA SAMARPAN FOUNDATION'** and Printed at Print Vision Pvt. Ltd., Print Vision House, Lane by jay Gujarat Fruit Center, Ambawadi Market, Ahmedabad - 380006 and published from 'Seva Samarpan Foundation', Gr. Floor, 001, Angi Flat, Opp. Annapurna Party Plot, New Vikas Gruh Road, Paldi, AHMEDABAD-380007. GUJARAT. Editor : **KINJAL ASHOKKUMAR SHAH**